વરાજ્ય લેખમાલા નં. ૫

મુંબાઇ પ્રાંતિક કૉંગ્રેસ કમિટિએ ઘડેલી

સુધારાની યોજના

હોમ રૂલ લીગ ફૉર ઇન્ડિયાની
મુંબાઈની શાખા તરફથી

પ્રસિદ્ધ કરનાર,

શંકરલાલ ઘેલાભાઇ બેન્કર, એમ. એ.
૩૪ ચોપાટી રોડ, મુંબાઈ

કીમત બે પૈસા ૫૦ નકલની કીમત રૂ. ૧—૦—૦

પોષ્ટેજ જુદું

પ્રસ્તાવના.

અત્યારસુધી હિન્દ સ્વરાજ્ય વિચાર પ્રચારક ફંડના મુંબાઈના તંત્રીમંડળ તરફથી આ લેખમાલાના ચાર અંકો બહાર પડી ચૂક્યા છે; પરંતુ સપ્ટેંબર મહિનાની શરૂઆતથી હિન્દ સ્વરાજ્ય માટે ચળવળ કરવાના હેતુથી હોમ રૂલ લીગ ફોર ઇન્ડિયાની એક શાખા મુંબાઈમાં ખોલવામાં આવી છે, અને ઉપલા તંત્રીમંડળ સંબંધી વ્યવસ્થા રદ કરી, આ લેખમાલા તથા અન્ય રાજકીય વિષયો સંબંધી સાહિત્ય તૈયાર કરી બ્હાર પાડવાનું કામ, આ સંસ્થાનેજ સોંપવામાં આવ્યું છે એટલે હવેથી આ લેખમાલાના અંકો હોમ-રૂલ લીગ ફોર ઇન્ડિયાની મુંબાઈની શાખા તરફથીજ બ્હાર પડશે.

શંકરલાલ ઘેલાભાઈ બેન્કર

હોમ-રૂલ લીગ ફોર ઇન્ડિયા

ઑ. પ્રમુખ

સર સુબ્રામન્ય આયર

પ્રમુખ

મિસિસ એની બેઝન્ટ

ઑરગનાઇઝીંગ સેક્રેટરી

મી. જ્યૉર્જ એરંડેલ

જનરલ સેક્રેટરીસ

મી. સી. પી. રામસ્વામી આયર, બી. એ, બી. એલ.

એ. મી. એ. રસુલ, બી. એ., બાર. એટ-લૉ.

પ્રો. પી. કે. તેલંગ, એમ. એ; એલ એલ. બી.

હોમ-રૂલ લીગ

ઉદ્દેશ

૧. કાયદેસર હીલચાલથી હિન્દ માટે હોમ-રૂલ એટલે સ્વરાજ્ય મેળવવું.

૨. શહેનશાહ પંચમ જ્યોર્જ અને તેના વારસોના તખ્ત હેઠળ બ્રિટિશ સામ્રાજ્યમાં જ સ્વતંત્ર પ્રજા તરીકેના હક મેળવી ગ્રેટબ્રિટન સાથેનો સંબંધ જાળવવો.

૩. હિન્દ સ્વરાજ્યને માટે ૩૦ વરસથી પ્રયાસ કરતી નૅશનલ કોંગ્રેસના કાર્યને ટેકો આપી, એ સંસ્થાને મજબૂત કરવી.

૪. હિન્દ માટે હોમ-રૂલની જરૂરિયાત સંબંધી પ્રજામત કેળવવા સતત ચળવળ કરવી.

આ ઉદ્દેશો જેમને સંમત હોય તેવા ૧૮ વરસની ઉપરના સ્ત્રીપુરૂષો આ સંસ્થાના સભાસદ થઈ શકશે. અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ કેવળ અભ્યાસને માટે જ આ સંસ્થામાં એસોસી-એટ તરીકે દાખલ થઈ શકશે.

સભાસદો તથા એસોસીએટો માટે લીગમાં દાખલ થવાની ફી. રૂ. ૧) છે.

આ સંસ્થામાં જોડાવા ઈચ્છતા સર્વેએ સેક્રેટરીઓને નીચલે શરનામે લખવું.

૩૬ એ, ચોપાટી રોડ,
મુંબાઈ.

રતનસી વરમસી,
જમનાદાસ દ્વારકાદાસ.
(મુંબઈની શાખાના મો. સેક્રેટરીઓ.)

સુધારાની યોજના.

મુંબાઈની પ્રાંતિક કૉંગ્રેસ કમિટીની, આ કામ માટે ખાસ નીમવામાં આવેલી સબ કમિટીએ (મુંબાઇમાં ભરાએલી ત્રીસમી ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસે પસાર કરેલા ૧૯ મા ઠરાવ અનુસાર) આ યોજના ઘડી છે.

કૉંગ્રેસના ઠરાવની કલમ (અ) (બ), અને (ક)

પ્રાન્તિક ધારાસભા.

૧. બ્રિટિશ હિન્દુસ્થાનની નવ પ્રાન્તિક સભાઓને (૧) મુંબાઇ, ૨ મદ્રાસ, ૩ બંગાલ, ૪ (આગ્રા અને અયોધ્યાના) સંયુક્ત પ્રાંત, ૫ પંજાબ, ૬ મધ્ય પ્રાંત (વરાડ સુદ્ધાંત), ૭ બિહાર અને ઓરીસા, ૮ આસામ અને ૯ બ્રહ્મદેશ) દરેકને વધારે વિસ્તૃત અને સુધરેલી ધારાસભા સોંપવી. તેનું બંધારણ નીચે પ્રમાણે હોવું જોઇએ:—

(ક) સભાસદોની કુલ સંખ્યાનો $\frac{4}{5}$ મો ભાગ પ્રજાએ પસંદ કરેલા બિનઅમલદારોનો હોવો જોઇએ.

(ખ) બાકીનો $\frac{1}{5}$ મો ભાગ હોદ્દાની રૂએ ગણાતા સભાસદોનો અને નીમાએલા (અમલદાર અને બિનઅમલદાર) સભાસદોનો હોવો જોઇએ; ગવર્નર, કારોબારી સભાના સભાસદો અને એડવોકેટ જનરલ—એ હોદ્દાની રૂએ સભાસદો ગણાશે.

(ગ) $\frac{4}{5}$ ભાગની પસંદગીમાં બનતા સુધી નીચેના સિદ્ધાન્તો અનુસરવા જોઇએ:—

(૧) દરેક જીલ્લાને સીધી પસંદગીનો હક આપવો, અને દરેક જીલ્લાએ બે સભાસદોને–એક મ્યુનિસિપાલીટીના પ્રતિનિધિ તરીકે અને બીજો લોકલ બોર્ડના પ્રતિનિધિ તરીકે–નીમવા; પસંદગીનો હક આ બન્ને મંડળોના ચુંટાએલા સભાસદોને જ આપવો.

(૨) જમીનની મીલકતવાળાઓને (સરદારો, જાગીરદારો અને જમીનદારોને) પ્રાંતના દરેક વિભાગમાં એક સભાસદ ચુંટવાનો હક આપવો.

(૩) યુનિવર્સિટીના મતદારોને (જુની યુનિવર્સિટીના સામાન્ય અને ઓનરરી ફેલોને અને નવી સ્થપાએલી યુનિવર્સિટીના સામાન્ય ફેલોને) એક પ્રતિનિધિ ચુંટવાનો હક આપવો.

(૪) યુનિવર્સિટીના મતદારો ઉપરાંત, બિનઅમલદાર કેળવાએલા વર્ગને ચુંટણીનો હક આપવો અને પ્રાંતમાં રહેતા નીચેના ગૃહસ્થોનો ત્હેમાં સમાવેશ કરવો:—

(ક) બ્રિટિશ હિન્દની કોઈ પણ યુનિવર્સિટીના પાંચ વર્ષની મુદતના, સરકારી નોકરીમાં ન હોય એવા ગ્રેજ્યુએટો (ખ) એડવોકેટ જનરલ, (સરકારી) સ્થાયી બૅારસ્ટર, સરકારી સોલીસીટર, સરકારી વકીલો, પબ્લીક પ્રોસીક્યુટરો, અને ત્હેમના એસીસ્ટંટો અને તેવા બીજા અમલદાર શિવાયના બધા વકીલાત કરતા એડવોકેટ, સોલીસીટર, અને હાઈકોર્ટના વકીલો; અને (ગ) ગ્રેટબ્રિટન અને આયર્લૅન્ડની કોઈ પણ યુનિવર્સિટીના પદવીધારીઓ અને પ્રાન્તિક સરકારે મંજુર કરી હોય એવી બ્રિટિશ સામ્રાજ્યની કોઈ

પણ સંસ્થાએ ઓછામાં ઓછા પાંચ વર્ષ ઉપર દાકતર કે ઇજનેરની ડીગ્રી આપી હોય અને જેઓ સરકારી નોકરીમાં ન હોય. આ મતદારોએ બે પ્રતિનિધિ ચુંટવા; પણ આ મતદારોમાંથી જેઓ ચુંટણીની વખતે પ્રાંતમાં રહેતાં હોય તેઓ જ ચુંટણીમાં ભાગ લઈ શકે.

(૫.) વેપાર અને ઉદ્યોગના પ્રતિનિધિ રૂપ યુરોપીઅન કે હિન્દી પ્રતિષ્ઠિત મંડળોને દરેકને એક સભાસદ ચુંટવાનો હક આપવો.

(૬.) દરેક પ્રાંતના રાજનગરની મ્યુનિસિપાલીટીને બે સભાસદ પસંદ કરવાનો અધિકાર આપવો અને મ્યુનિસિપાલીટીના ચુંટાએલા સભાસદોએ જ તે અધિકાર અજમાવવો.

(૭.) પ્રાંતની રાજધાનીને, નીચેના મતદારો મારફત વધારાના ત્રણ પ્રતિનિધિ મોકલવાનો હક આપવો:—

૧. મ્યુનિસિપલ એકટના કાયદા પ્રમાણે રૂ. ૨,૫૦૦ ની આંકેલી કીમતની મીલ્કતવાળાઓ.

૨. ચુંટણી જે વર્ષમાં થાય ત્હેની તરતના પહેલાંના વર્ષમાં જેમણે પોતાના જ નામથી રૂ. ૨૦૦૦ ની વાર્ષિક આવક ઉપર કર ભર્યો હોય તેઓ.

૩. સરકારે આપેલા અથવા મંજુર કરેલા ઇલ્કાબવાળાઓ અને "ઑર્ડર ઓફ ધી સ્ટાર ઓફ ઇન્ડિયા," અથવા "ઑર્ડર ઓફ ધી ઈન્ડિયન ઍમ્પાયર" ના સભાસદો હોય અથવા જેમને "કૈસર-ઈ-હિંદ" મેડલ મળ્યો હોય તેઓ.

૪. જસ્ટીસ ઑફ ધી પીસ

૫. ઑનરરી મેજીસ્ટ્રેટ.

(૮.) પ્રાંતની રાજધાની શિવાયના, એક લાખની વસ્તીવાળાં પ્રાંતમાં આવેલાં બધાં શહેરને ઉપરની સાતમી કલમમાં દર્શાવેલા મતદારો મારફત એક પ્રતિનિધિ મોકલવાનો હક આપવો— એટલા ફેર સાથે કે પહેલી પેટા કલમમાં મીલ્કતની કીમત ઓછી રાખવી અને ઇન્કમ ટેકસ આપનાર સર્વેને મત આપવાનો અધિકાર આપવો.

(૯.) ઉપરની પેટા કલમ (૪)(૭) કે (૮) માં આવતા કોઈ મતદાર પેટા કલમમાં આપેલી એક કરતાં વધારે પદવી ધરાવતો હોય તો પણ એક કરતાં વધારે મત આપવાનો અધિકાર ત્હેને ન હોવો જોઈએ.

(૧૦) મુસલમાનોની જુદી ચુંટણીની હાલની વ્યવસ્થા ચાલુ રાખવી દરેક જુદા મતદારના મંડલને હાલના કરતાં બેવડા સભાસદો ચુંટવાનો હક આપવો જોઈએ. પ્રાંતના કોઈ વિભાગ કે રાજધાનીમાં જ્યાં હિન્દુઓની સંખ્યા કમી હોય ત્યાં, મુસલમાન મતદારો ઈલાહીદી ચુંટણીના જે હક ભોગવે છે ત્હેનાજ ધોરણે મત આપવાની સત્તા ત્હેમને આપવી અને તે જ રીતે સભાસદોની પુરતી સંખ્યા નીમવાનો ત્હેમને અધિકાર આપવો. બીજી બાબતમાં પ્રાંતની રાજધાનીમાં જેમને ખાસ મતનો અધિકાર આપવામાં આવશે ત્હેમને પેટાકલમ (૭) માં સૂચવેલા મતદારોમાં દાખલ કરવામાં આવશે નહિ.

(ઘ) પ્રાંતમાં જો બીજી કોઈ અગત્યની કોમની ઓછી સંખ્યા હોય તો ત્હેમના હક સંભાળવા માટે સરકારે

વ્યવસ્થા કરવી; ધારાસભાનો ¼ ભાગ પૂરવાને માટે (ખ) કલમ નીચે સભાસદોની નીમણુંક કરવાની જે સત્તા સરકારને આપવામાં આવી છે ત્હેની રૂએ સરકાર તે કોમના હુંશીયાર બિનઅમલદાર પ્રતિનિધિઓને નીમી શકે.

(ઙ) જે માણુસ ઈંગ્રેજી ભાષામાં પોતાના વિચારો દર્શાવવા અશકત હોય તે ધારાસભા માટે ચુંટાઇ કે નીમાઇ શકે નહિ. હાલના નિષેધમાં આનો ઉમેરો થવો જોઇએ.

૨. પ્રાંતિક ધારાસભાના ધર્મ અને સત્તાઓ નીચે પ્રમાણે હોવાં જોઇએ.

(ક) કસ્ટમ, પોસ્ટ, તાર, ટંકશાળ. મીઠું, અફીણ, લશ્કર, નૌકાસૈન્ય, દેશી રાજાઓની ખંડણીઓ, રેલ્વે અને મ્હોટાં નહેરનાં કામ શિવાય બાકીના બધા મહેસુલની ઉપજ કેવલ પ્રાંતિક હોવી જોઇએ.

(ખ) કોઇ પ્રકારના મહેસુલની વહેંચણી થવી જોઈએ નહિ અર્થાત્ બધું મહેસુલ પ્રાંતિક સરકારનું ગણાવું જોઇએ. આ વ્યવસ્થા પ્રમાણે જે આવક હિન્દી સરકારને ભાગે રહે તે ધ્યાનમાં લેતાં, ત્હેના સાધારણ ખર્ચના નિભાવ માટે પ્રાંતિક સરકારે ત્હેને નિર્ણિત રકમ દર વર્ષે આપવી; પાંચ પાંચ વર્ષની પહેલી ત્રણ મુદત દરમ્યાન આ રકમમાં પાંચ વર્ષને અંતે ફેરફાર કરી શકાય અને તે પછી ઘણા અસાધારણ કે અણુદીઠા સંયોગો આવી પડે તે શિવાય ત્હેમાં ફેરફાર થઇ શકે નહિ; આવા ફેરફારની જરૂરનો નિર્ણય પોતપોતાની ધારાસભાની સંમતિથી સર્વે પ્રાંતિક સરકાર જે મત આપે ત્હેની વધુ સંખ્યાથી જ થવો જોઇએ.

(ગ) પ્રાંતિક ધારાસભાના અંકુશ નીચે, પ્રાંતિક સરકારને લોન કાઢવાની અને કર નાંખવાની સ્વતંત્ર સત્તાઓ આપવી જોઇએ—એવી મર્યાદામાં કે જેથી હિન્દી સરકારની આ સંબંધી સત્તાઓની તે વિરોધી ન બને.

(ઘ) પ્રાંતના વાર્ષિક હિસાબ અને અંદાજ પત્ર ધારાસભા આગળ ચર્ચા તેમજ સંમતિ માટે રજુ કરવામાં આવશે અને ત્હેને માટે હિન્દી સરકારની પહેલી અનુમતિની કે પછી સંમતિની જરૂર રહેશે નહિ.

(ઙ) આ અંદાજપત્રના સંબંધમાં કોઇ સવાલ વિષે ઠરાવ જો ધારાસભાની બેઠકમાં પસાર કરવામાં થાય તો તે સરકાર ઉપર ફરજીયાત ગણાશે—શિવાય કે ચોક્કસ ઠરાવેલા વખતમાં એમ જાહેર કરવામાં આવે કે ગવર્નરે ત્હેને નામંજુર કર્યો છે; પરંતુ ઠરાવ માટે મત આપનાર કોઈ પણ સભાસદ ગવર્નરની નામંજુરી સ્હામે હિન્દી સરકારને અપીલ કરી શકે.

(ચ) ધારાસભામાં પસાર થયેલા અને પ્રાંતિક સરકારે સ્વીકારેલા અથવા પ્રાંતના ગવર્નરે નામંજુર કર્યા છતાં હિન્દી સરકારે સંમત કરેલા ઠરાવો અનુસાર સુધારેલું અંદાજપત્ર સામાન્ય ચર્ચા અને મંજુરી માટે ધારાસભા આગળ રજુ કરવામાં આવશે.

(છ) સામાન્ય જનહિતના કોઇ વિષય સંબંધી કોઇ ઠરાવની, સભાસદે પહેલેથી નિયમાનુસાર નોટીસ આપી હોય તે—નીચે વર્ણવેલા (૮) પેટાવિભાગમાં ન આવતો હોય તો—ધારાસભા આગળ ચર્ચા માટે રજુ કરવામાં આવશે; પરંતુ તે નિષેધ ત્હેને લાગુ

પડતો ન હોય છતાં જો પ્રમુખ એમ ધારે કે ત્હેના ઉપર ચર્ચા ન કરવી એ જરૂરનું કે ઘટતું છે તો તે પોતાનાં કારણો સભાને જણાવશે અને તે વિષે સભાની સલાહ લેશે; અને જો તે બેઠકમાં હાજર થએલા બિનઅમલદારી સભાસદો પૈકી ½ ભાગના બહુ મતે સભા એવો ઠરાવ કરે કે ઠરાવ ઉપર ચર્ચા થવા દેવી જોઇએ તો તે ઠરાવ ઉપર ચર્ચા થશે.

(જ) અંદાજપત્ર શિવાય બીજા વિષયને લગતો કોઈ પણ ઠરાવ જો ધારાસભામાં પસાર થાય અને ગવર્નર નામંજુર ન કરે તો તે ફરજીયાત ગણાશે; તથા પહેલા ઠરાવથી ત્રણ વર્ષની અંદર તે જ વિષય ઉપર બીજો ઠરાવ ધારાસભામાં પસાર થાય તો ગવર્નર ત્હેને નામંજુર કરી શકશે નહિ.

(ઝ) વધારાનો સવાલ પૂછવાનો અધિકાર હાલની માફક મૂલ સવાલ પૂછનારને જ નહિ પણ કોઇ પણ સભાસદને તે મળશે.

(ઞ) એક વર્ષમાં ધારાસભાની ચારથી ઓછી બેઠકો થશે નહિ—સાધારણ રીતે ત્રણ માસે એક ભરાશે. ઓછામાં ઓછા વીસ સભાસદોની સહીથી જો વિનંતિ પત્ર સરકારને મોકલવામાં આવશે તો ધારાસભાની બેઠક બનતી સગવડે બોલાવવામાં આવશે અને સહી કરનાર ગૃહસ્થોએ જે ઠરાવની નોટીસ આપી હોય ત્હેની ચર્ચા એ બેઠકમાં થશે.

(૮) અહીંઆ રજુ કરવામાં આવેલી વ્યવસ્થા પ્રમાણે જે બાબતો કેવળ હિન્દી સરકારની જ રહેશે તે વિષે કોઇ ઠરાવ કરવાની સત્તા પ્રાંતિક ધારાસભાને રહેશે નહિ; અને સન ૧૮૬૧ ના "ઇન્ડીઅન કાઉન્સીલ્સ એક્ટ" ની ૪૩ મી કલમથી તથા સન ૧૯૦૯ ના "ઇન્ડીઅન કાઉન્સીલ્સ એક્ટ" ની ૫ મી કલમ પ્રમાણે આપેલી સત્તાની રૂએ પ્રાન્તિક સરકારે ઘડેલા તેવાજ નિયમથી મૂકવામાં આવેલાં બંધનો ધારાસભાને લાગુ પડશે—શિવાય કે બીજી કલમની પેટાકલમ (ક), (ખ) અને (ગ) માં રજુ કરવામાં આવેલી દરખાસ્ત પ્રમાણે હિન્દી સરકારથી સ્વતંત્ર રીતે, હાલના કર કે જકાત રાખવાની, ફેરવવાની કે રદ કરવાની કે નવા કર વગેરે નાંખવાની નવી સત્તા પ્રાંતિક સરકારને મળે.

(ઠ) પ્રાંતિક ધારાસભાના સભાસદની મુદત પાંચ વર્ષની થશે.

પ્રાંતિક કારોબારી સભા.

ડ. દરેક પ્રાંતિક રાજતંત્રની કારોબારી સત્તા, નીચેની રીતે પાંચ વર્ષ માટે નીમાએલા ગવર્નર અને (કારોબારી) સભાના સામાન્ય સભાસદોના હાથમાં રહેશે:—

(ક) તેહના પ્રમુખ ગવર્નર બનશે; સાધારણ રીતે ગ્રેટ બ્રિટન અને આયર્લેન્ડના કે શહેનશાહની સંસ્થાનિક કે એલચીની નોકરીની લાયકાત ધરાવનાર બ્રિટિશ રાજપુરૂષ ગવર્નર તરીકે નીમાશે; શિવાય કે કોઇ વખતે પ્રાન્તિક

સત્તાના ઉપરી તરીકે કોઈ મહાન હિન્દીને તે પદવી માટે નીમણુક કરવા શહેનશાહની મહેરબાની થાય.

(ખ) ગવર્નર શિવાય કારોબારી સભાના સભાસદોની સંખ્યા સાધારણ રીતે છથી વધારે નહિ હોય અને ચારથી ઓછી નહિ હોય. ત્હેમાંથી અડધો ભાગ બિનઅમલદાર હિન્દીવાનોનો રહેશે અને ઓછામાં ઓછો એક બિનઅમલદાર યૂરોપિયન રહેશે.

(ગ) સીવીલ સર્વીસ કે બીજી સરકારની કોઇ નોકરીના અમલદારોને આ સભાના સભાસદો તરીકે નીમવાની ફરજ રહેશે નહિ.

(ઘ) ગવર્નરની કારોબારી સભાના દરેક સભાસદને ચાર્ટર કરેલી હાઇકોર્ટના પ્યુની જજના જેટલો પગાર મળશે; ઉપરાંત પાંચ વર્ષની અમલદારીની મુદત પૂરી થતાં, ચાલુ નિયમો પ્રમાણે પ્યુની જજને મળતું પેન્શન, આ સભાસદને પણ જીવનપર્યંત મળશે.

(ઙ) દરેક પ્રાંતના ગવર્નરને હાલ મુંબાઇ, મદ્રાસ અને કલકત્તાના ગવર્નરના જેટલો પગાર મળશે.

(ચ) પાંચ પાંચ વર્ષની પહેલી ત્રણ મુદતને અંતે ગવર્નરની કારોબારી સભાના બિનઅમલદારી હિન્દી સભાસદો અને યૂરોપિયન સભાસદ કે સભાસદો નીચે પ્રમાણે નીમાશે: શહેનશાહે આ બાબતમાં મુકરર કરેલાં ધોરણ અનુસાર પ્રાંતિક ધારાસભાના સભાસદો, દરેક પાંચ વર્ષની મુદતની શરૂઆતથી ઓછામાં ઓછા છ માસ પહેલાં જોઇતા (કારોબારી સભાના)

સભાસદોથી બેવડી સંખ્યા નીમશે અને તે યાદીમાં-થી જ શહેનશાહ આ સભાસદોની પસંદગી કરશે.

(છ) ગવર્નરના અમલની કારકીર્દી પાંચ વર્ષની વધુ મુદ્દત માટે કે ત્હેના થોડા ભાગ માટે શહેનશાહના હુકમથી લંબાવી શકાશે.

વાઇસરોયની ધારાસભા.

૪. હિન્દુસ્થાનના ગવર્નર—જનરલ અને વાઇસરોયની ધારાસભાનું બંધારણ હમણાં નીચે પ્રમાણે હોવું જોઇએ:-

(ક) સભાસદોની કુલ સંખ્યાનો અડધો ભાગ લોકોએ ચુંટેલા બિનઅમલદારોનો બનશે.

(ખ) બાકીનો અડધો ભાગ હોદ્દાની રૂએ થતા (ex-officio) સભાસદોના અને સરકારે પસંદ કરેલા અમલદાર અને બિનઅમલદાર, સભાસદોનો બનશે; તે પૈકી ગવર્નર-જનરલ અને કારોબારી સભાના સભાસદોનો ગણાશે; પણ હોદ્દાની રૂએ બનતા સભાસદો સુદ્ધાંત અમલદાર સભાસદોની સંખ્યા સભાની કુલ સંખ્યાના ¼ ભાગથી વધારે થશે નહિ.

(ગ) અડધા ભાગની ચુંટણીમાં નીચેના મંડલો અને હકદાર કોમને નીચે જણાવ્યા પ્રમાણે મત આપવાનો અધિકાર રહેશે:—

(૧) નીચેના પ્રાંતોના ધારાસભાના ચુંટાએલા સભાસદો.

૧. મુંબાઇ, મદ્રાસ, બંગાલ અને સંયુકત પ્રાંત. દરેક ૩.

૨. બિહાર અને ઓરીસા, મધ્યપ્રાંત (વરાડ સુદ્ધાંત) અને પંજાબ. દરેક ૧

(૩) નેવ પ્રાંતમાંના દરેકના કેળવાયેલા વર્ગો (પહેલા પેરાની (ગ) કલમની ૪ પેટાકલમમાં દર્શાવેલા મતદારોના બનેલા) દરેક ૨.

(૪) વેપારી કોમ.

૧. મુંબાઇ અને કરાંચીની (ઇંગ્રેજ) વેપારી ચેમ્બરો [ભેગી] અને કલકત્તાની ચેમ્બર ઓફ કોમર્સ દરેક ૧.

૨. મદ્રાસની (ઇંગ્રેજ) વેપારી ચેમ્બર અને મદ્રાસની ઇન્ડિયન ટ્રેડ્ઝ અસોસીએશન (ભેગા) ૧.

૩. મુંબાઇની દેશી વેપારી ચેમ્બર અને બ્યુરો અને કલકત્તાની ટ્રેડઝ એસોસીએશન દરેક ૧

૪. મુંબાઈ અને અમદાવાદના મીલમાલીકો (ભેગા)

(૫) મુખ્ય ન્હાના વર્ગો. ૧

૧. મુંબાઇ, મદ્રાસ, બંગાલ, મધ્યપ્રાંત, બિહાર અને ઓરીસા, મધ્યપ્રાંત (વરાડ સુદ્ધાંત) અને આસામના મુસલમાન મતદારો દરેક ૧.

૨. પંજાબના હિન્દુ મતદારો ,, ૧.

૩. બ્રહ્મદેશમાં હિન્દી અને ચીન મતદારો ,, ૧.

૪. આથી ન્હાની છતાં અગત્યની જે કોમોના કોઈ પ્રાંતમાં ઓછી સંખ્યા હોય ત્હેમના હકની સંભાળ માટે સરકારે, પ્રાંતિક સરકારની ભલામણથી, આ પેરાની પેટાકલમ ૨ પ્રમાણે બિનઅમલદારોની જોઇતી સંખ્યા પસંદ કરવાની સત્તાની રૂએ, તે કોમોના બિનઅમલદાર આગેવાનોને નીમવા.

૫. જે ગૃહસ્થ અંગ્રેજી ભાષામાં પોતાના વિચાર

દર્શાવી શકે નહિ તે ચુંટણી તેમજ પસંદગી માટે અયોગ્ય ગણાશે. હાલના નિષેધોમાં આનો ઉમેરા કરવો જોઇએ.

૫. વખત જતાં વાઇસરોયની ધારાસભામાં ચુંટણીનું તત્વ ધીમે ધીમે એટલું વધારવું જોઇએ કે જેથી છેવટે કુલ સંખ્યાના ⅘ ભાગના સભાસદો ચુંટાએલા હોય.

૬. વાઇસરોયની ધારાસભાને નીચેના ધર્મ અને સત્તાઓ આપવામાં આવશેઃ—

(ક) નીચે જણાવેલી બાબતો ફકત ધારાસભાના અંકુશ નીચે જ રહેશે.

૧. જે બાબતોમાં આખા હિન્દમાં એકજ જાતના કાયદા રચવાની જરૂર હોય તે

૨. અનેક પ્રાંતોને અસર કરે એવા કેવલ પ્રાન્તિક વિષયો.

૩. ત્રીજા પેરેગ્રાફની કલમ (ક), (ખ) અને (ગ) માં રજુ કરેલી દરખાસ્તો અનુસાર પણ “ દેશી રાજ્યોની ખંડણી ” બાતલ કરીને કેવલ વડી સરકારના મહેસુલને લગતા સવાલો.

૪. નીચેની કલમ (ઘ) તેમજ હિન્દી સરકારને લાગુ પડે એવા સામ્રાજ્યની સભાના ચુકાદા ધ્યાનમાં લેતાં, હિન્દી સરકારના ખર્ચના સવાલો.

(ખ) પરદેશી રાજા અથવા રાજ્ય સાથે, અને હિન્દના દેશી રાજા સાથે, સરકારનો સંબંધ, તેમજ કોઇ દેશી રાજ્યનો અંદરનો વહીવટ—આ બધા વિષે કંઇ પણ કરવા વડી ધારાસભા અસમર્થ રહેશે.

(ગ) પ્રધાન મંડલની સંમતિથી શહેનશાહ, હિન્દી વજીર મારફત વડી ધારાસભાના કાયદા નામંજુર કરવાનો હક ધરાવશે; પણ તે કાયદા માટે હિન્દી વજીરની પહેલી સંમતિ કે પછી અનુમતિની જરૂર રહેશે નહિ. આ નામંજુરીના હકને બાદ કરતાં આ ધારાસભા નાણાં સંબંધી સંપૂર્ણ સ્વતંત્રતા ભોગવશે.

(ઘ) લડાઈ, સુલેહ અને સંધિ કરવા સુદ્ધાંત લશ્કરી વ્યવસ્થા અને પરદેશી રાજ્યો સાથે રાજકીય સંબંધ ઉપર હિન્દી સરકારના કાબુમાં વચ્ચે પડવાની સત્તા આ ધારાસભાને રહેશે નહિ; પરંતુ જ્યારે ધારાસભાના હકની કોઈ બાબતને લગતી સંધિ કરવાની હોય ત્યારે હિન્દી સરકારને ધારાસભાની સંમતિની જરૂર રહેશે. ઉપરાંત, વિગ્રહ કેવલ રક્ષણ માટે જ હોય તે શિવાય પ્રાંતિક સરકારના વધુ મત અને આ ધારાસભાની સંમતિ શિવાય વડી સરકાર લડાઇ જાહેર કહી શકશે નહિ.

(ઙ) પ્રાંતિક ધારાસભાને લગતા ઉપરના બીજા પેરેગ્રાફની (ઘ) થી (ઝ) સુધીની કલમો વાઇસરોયની ધારાસભાને લાગુ પડશે.

(ચ) વાઇસરોયની ધારાસભાના સામાન્ય સભાસદ પાંચ વર્ષ સુધી તે પદ ભોગવશે.

વાઇસરોયની કારોબારી સભા.

૭. હિન્દની કેન્દ્ર રૂપ વડી સરકારની કારોબારી સત્તા-જે હિન્દી સરકારના નામથી ઓળખાય છે-તે હિન્દના ગવર્નર-જનરલ અને વાઇસરોયના હિન્દમાં

વસતા શહેનશાહના લશ્કરના સેનાપતિ અને વાઈસરોયની સભાના સાધારણ સભાસદોના હાથમાં રહેશે; વાઇસરોય, અને સામાન્ય સભાસદો નીચે પ્રમાણે શહેનશાહ પાંચ વર્ષ માટે નીમશેઃ—

(ક) ત્હેના પ્રમુખ હિન્દના ગવર્નર—જનરલ અને વાઇસરોય થશે. સાધારણ રીતે ગ્રેટ બ્રિટન અને આયર્લેંડના કે શહેનશાહની સંસ્થાનની કે એલચીની નોકરીનો કોઇ બ્રિટિશ રાજપુરૂષ વાઇસરોય તરીકે નીમાશે—શિવાય કે હિન્દની વડી સરકારના ઉપરી તરીકે, રાજકુટુંબના વંશજને નીમવાની શહેનશાહ મહેરબાની કરે.

(ખ) વાઈસરોયને બાદ કરતાં, વાઇસરોયની કારોબારી સભાના સભાસદોની સંખ્યા સાતની રહેશે; હિન્દી લશ્કરનો સેનાધિપતિ ત્હેમાંનો એક ગણાશે, અને તે આ સભાનો અસાધારણ સભાસદ ગણાશે તથા સભાની બેઠકોમાં ત્હેની પદવી વાઈસરોયથી બીજી ગણાશે. બાકીના છ સભાના સામાન્ય સભાસદ ગણાશે અને ત્હેમાંનો એક ઓછામાં ઓછી પાંચ વર્ષની મુદતનો બૅરિસ્ટર અથવા સ્કૉટલેન્ડની " ફેકલ્ટી ઓફ એડવોકટેસ " નો સભાસદ કે ચાર્ટર થએલી હિન્દની કોઇ હાઇકોર્ટનો વકીલ હોવો જોઇએ.

(ગ) આ સભાના સામાન્ય સભાસદોની કુલ સંખ્યાનો ઓછામાં ઓછો ત્રીજો ભાગ બિનઅમલદાર હિન્દીઓનો હોવો જોઈએ અને બાકીની સંખ્યામાંથી ઓછામાં ઓછો એક બિનઅમલદાર યૂરોપિયન હોવો જોઇએ.

(ઘ) સીવીલ સર્વીસના કે સરકારની કોઇ નોકરીના અમલદારને, આ સભાના સભાસદ નીમવાની ફરજ રહેશે નહિ.

(ઙ) આ સભાના દરેક સભાસદને મુંબાઈ કે મદ્રાસની હાઇ કોર્ટના વડા જજ જેટલો પગાર મળશે; ઉપરાંત, હાલના નિયમો પ્રમાણે વડા જજને જેટલું પેન્શન મળે તેટલું આ સભાસદને પાંચ વર્ષની પોતાની મુદત પૂરી થતાં જીંદગી સુધી મળશે.

(ચ) પાંચ પાંચ વર્ષની પહેલી ત્રણ મુદતની આખરે વાઈસરોયની કારોબારી સભાના બિનઅમલદારી સભાસદો અને બિનઅમલદાર યૂરોપિયન સભાસદ કે સભાસદો આ પ્રમાણે નીમાશેઃ આ બાબતમાં શહેનશાહે મુકરર કરેલા ધોરણ અનુસાર વડી ધારાસભાના બિનઅમલદાર સભાસદોએ દરેક પાંચ વર્ષની મુદતની શરૂઆતથી ઓછામાં ઓછા ૭ માસ પહેલાં જોઇતા (કારોબારી સભાના) સભાસદોની બેવડી સંખ્યા ખાનગી મત લેવાની પદ્ધતિથી ચુંટશે અને તે યાદીમાંથી જ શહેનશાહ આ સભાસદોની પસંદગી કરશે.

(છ) ગવર્નર–જનરલ અને વાઇસરોયની કારકીર્દી વધુ પાંચ વર્ષ માટે અથવા તેથી ઓછા વખત માટે શહેનશાહ વધારી શકશે.

કોંગ્રેસના ઠરાવની (૬) કલમ.

અન્ય પ્રાંતો.

૮. ઉપર રજુ કરેલા સુધારાના ક્ષેત્રની બ્હાર બ્રિટિશ હિન્દના જે છુટાછવાયા ભાગ આવ્યા હોય ત્હેમાં,

થોડા પસંદ કરેલા અને થોડા ચુંટેલા સભાસદોની સલાહકારી સભા દાખલ કરી ત્હેને ધીમે ધીમે ઉન્નતિના પંથ ઉપર ચઢાવી શકાય.

પરંતુ, જો રાજવહીવટની ઘણી કઠિન મુશ્કેલીઓ વચમાં ન આવે તો આ સુધારાની સિદ્ધિ અર્થે ત્હેને જોડેની પ્રાંતિક સત્તા સાથે જોડવામાં આવે તો વધારે ઠિક થાય. દાખલા તરીકે રજપુતાનામાં આવેલા બ્રિટિશ હિન્દના ભાગોને સંયુકત પ્રાંતો સાથે જોડી શકાય; તેવી જ રીતે કુર્ગ, મદ્રાસ સાથે; બ્રિટિશ બલુચીસ્તાન વાયવ્ય ખુણાના સરહદના પ્રાંત અને દીલ્હીના કમીશનરના તાબાનો મુલક પંજાબ સાથે; અને હિન્દની મધ્યમાં આવેલા બ્રિટિશ પ્રદેશો મધ્યપ્રાંત સાથે.

કોંગ્રેસના ઠરાવની (ઘ) અને (ચ) કલમો.

હિન્દી વજીરની સભા.

૯. પ્રજાના પ્રતિનિધિઓના અંકુશ નીચે અમલ ચલાવતી સ્વતંત્ર પ્રાંતિક સત્તા ઉપર દૂરથી દેખરેખ રાખનાર મધ્યસ્થ સ્વતંત્ર સત્તા લોકોના પ્રતિનિધિઓને તથા વાઇસરૌયની કારોબારી સભાને મળે એટલો સુધારો વડી સરકાર અને પ્રાંતિક સરકારની ધારા કરવાની તેમજ અમલ ચલાવવાની વ્યવસ્થામાં થાય નહિ ત્યાં સુધી નીચે જણાવેલા બંધારણ તેમ જ સત્તા સંબંધી ફેરફારો સાથે હિન્દી વજીરની સભા કાયમ રહેશે; જોકે છેવટે તો એ સભા નાબુદ થવી જોઇએ અને હિન્દી વજીરને બધી રીતે સંસ્થાનોના મંત્રી જેવી જ પદવી આપવી જોઈએ:—

(૧) આ સભાના કેટલાક સભાસદો નીમાવા જોઇએ અને કેટલાક ચુંટાવા જોઇએ.

(૨) સભાના સભાસદોની કુલ સંખ્યા નવથી વધારે હોવી જ જોઇએ.

(૩) કુલ સભાસદોનો ઓછામાં ઓછો ત્રીજો ભાગ ચુંટાએલા બિનઅમલદાર હિન્દીઓનો હોવો જોઇએ અને તેઓ વડી અને પ્રાંતિક ધારાસભાના ચુંટાએલા સભાસદોના મતથી ચુંટાવા જોઇએ.

(૪) સભામાં પસંદ કરવામાં આવેલા સભાસદોનો ઓછામાં ઓછો અડધો ભાગ એવા જાહેર પુરૂષોનો હોવો જોઇએ કે જેઓ હિન્દી રાજતંત્ર સાથે સંબંધમાં ન હોય.

(૫) પસંદ કરવામાં આવતા સભાસદોનો બાકીનો ભાગ એવા અમલદારોનો હોવો જોઈએ કે જેમણે ઓછામાં ઓછા દશ વર્ષ સુધી હિન્દુસ્થાનમાં નોકરી કરી હોય અને જેમને હિન્દ છોડયે બે વર્ષથી ઓછો વખત થયો હોય.

(૬) સભાના હિન્દી અને બીજા સભાસદો વચ્ચે પગાર અને "એલાવન્સ" સંબંધમાં કંઈ ભેદ ન કરવો જોઇએ.

(૭) સભાનું કામ કેવલ સલાહ આપવાનું જ હોવું જોઇએ; અને ત્હેની પદ્ધતિ અને વ્યવસ્થામાં એવો કંઈ પણ ફેરફાર કરવો ન જોઇએ કે જેથી તે એક વહીવટ કરનાર મંડલ બને અથવા બનવાનો સંભવ રહે.

(૮) હિન્દી વજીરનો પગાર બ્રિટિશ અંદાજપત્રમાં મૂકાવો જોઇએ.

(૯) વાઇસરોયની ધારાસભાના ધર્મ અને સત્તા સંબંધી ઉપરના છઠ્ઠા પેરામાં સમાએલા સુધારા પ્રમાણે હિન્દમાં તેમ જ હિન્દની બ્હાર હિન્દના મહેસુલ અને ખર્ચ ઉપર હિન્દી વજીરનો અંકુશ ઓછો કરવો જોઇએ.

કોંગ્રેસના ઠરાવની કલમ (છ).

સ્થાનિક સ્વરાજ્ય

૧૦. (ક) પ્રાંતની રાજધાનીની મ્યુનિસિપાલીટીના બધા સભાસદો લોકો તરફથી ચુંટાવા જોઇએ અને મત આપવાના અધિકારમાં સુધારો કરવો જોઇએ.

(ખ) જીલ્લાની મ્યુનિસિપાલીટી અને લોકલ બોર્ડઃ સ્થાનિક સ્વતંત્રતાનો નાશ કર્યા શિવાય અને જાહેર જુસ્સાના વિકાસને દબાવ્યા કે અડચણ કર્યા શિવાય મ્યુનિસિપાલીટીના કાર્યની વધારે સારી વ્યવસ્થા કરવા માટે ત્રણ વસ્તુઓની ખાસ જરૂર છેઃ—

પહેલું, અંદરના અમલદારી અંકુશથી ત્હેને સ્વતંત્ર કરવી જોઇએ, જેથી કર ભરનારના પ્રતિનિધિઓને એમ લાગે કે ખરી સત્તા ત્હેમના હાથમાં મૂકવામાં આવી છે અને ખરી જવાબદારી ત્હેમને અદા કરવાની છે.

બીજું, ત્હેના ઉપર દેખરેખ રાખવાને અને ત્હેને સલાહ આપવાને એક પ્રાંતિક બોર્ડ નીમવું જોઇએ કે જેને સુધારા માટે જરૂરી અંકુશ મૂકવાની મ્હોટી સત્તાઓ આપવામાં આવે અને જેનું બંધારણ સમજુ વર્ગનો વિશ્વાસ મેળવી શકે; અને

ત્રીજું, હાલ ત્હેને અપાતી ગ્રાંટને બદલે સ્થાનિક સંયોગો અને જરૂરીઆતો પ્રમાણે હમેશ વધતા જતા પ્રાંતિક મહેસુલનો ચોક્કસ ભાગ ત્હેને આપીને પ્રાંતિક સરકારે ત્હેની આવકમાં વધારો કરવો જોઇએ.

એ શરતોને અમલમાં મૂકવાને માટે નીચેના સુધારા આવશ્યક છે:—

(૧) જીલ્લાના શહેરની મ્યુનિસિપાલીટીમાં કુલ સભાસદોનો $\frac{5}{6}$ ભાગ ચુંટાવો જોઇએ.

(૨) ન્હાની મ્યુનિસિપાલીટીમાં અને જીલ્લા તથા તાલુકાનાં લોકલ બૉર્ડમાં સભાસદોની કુલ સંખ્યાને $\frac{3}{4}$ ભાગ ચુંટાવો જોઇએ.

(૩) આ બધાં મંડલોના પ્રમુખ ચુંટાએલા બિનઅમલદારો જ હોવા જોઇએ.

(૪) આખા પ્રાંત માટે એક "લોકલ ગવર્નમેન્ટ બૉર્ડ" સ્થપાવું જોઇએ. ત્હેના પ્રમુખ આ ખાતાની સંભાળ લેતા કારોબારી સભાના સભાસદ હોવા જોઇએ અને મંત્રી સાથે બીજા બે હિન્દી સભાસદો મળી ત્હેમાં કુલ ત્રણ સભાસદો હોવા જોઇએ. લંડનનું "લોકલ ગવર્નમેન્ટ બૉર્ડ" જે સત્તાઓ ભોગવે છે તે જ આ બૉર્ડને સોંપવી જોઇએ.

(૫) મ્યુનિસિપાલીટી અને લોકલ બૉર્ડની આવકમાં વધારો કરવા માટે નીચેના કોઈ મહેસુલનો ચોક્કસ હિસ્સો ત્હેને આપવો જોઇએ:—જમીનનું મહેસુલ (ત્હેમાં ન આવતું હોય એવું) નહેરનું મહેસુલ, આબકારી, આવક ઉપર કર અને જંગલની ઉપજ.

પંચાયતો

૧૧. (૧) બધાં મ્હોટાં ગામડામાં અને ન્હાનાં ગામડાંનાં મંડળોમાં પંચાયતો સ્થપાવી જોઇએ અને તરત જમીનવેરો કે આવક ઉપર કર ભરનારા, કેળવણી પામેલા, સરકારી પેન્શન લેનારા અને સ્થાનિક સંયોગો જોતાં જે બીજા લોકો મત આપવાને યોગ્ય ગણાય ત્હેમને ચુંટણીનો હક આપવો જોઇએ.

(૨) આમ ચુંટાએલા પાંચ ગૃહસ્થોની દરેક પંચાયત બનવી જોઇએ અને ત્હેને નીચેનું કામ સોંપવું જોઇએ:—ન્હાના દીવાની અને ફોજદારી મુકરદમાનો ચુકાદો; ગામડાની નિશાળો, તલાવો, ધર્મશાળાઓ અને ઢોરના ડબ્બાનો નિભાવ અને વ્યવસ્થા; ગામડાનું આરોગ્ય, બજાર અને અનુભવથી જે બીજી બાબતો સૂઝે ત્હેની સંભાળ.

(૩) આ કામ બરાબર કરવા માટે ત્હેમને નીચેનાં ફંડ સોંપવા જોઈએ:—(ત્હેમને ચુકવવાના) મુકરદમાની ફી, ત્હેમણે કરેલાં દંડ, ડબ્બા અને બજારની ઉપજ, અને વધારામાં પ્રાંતિક મહેસુલમાંથી જરૂરી ગ્રાંટ.

Printed by Chintaman Sakharam Deole, at the Bombay Vaibhav Press, Servants of India Society's Building, Sandhurst Road, Girgaon, Bombay and

Published by Shankerlal Ghelabhai Banker, M. A.
34, Chowpati Road,
Bombay.